વીર જિણેસર ચરણકમલ કમલા કયવાસો, પણમવિ પભણિસુ સામિ સાલ ગોયમગુરૂ રાસો; મણ તણુ વયણ એકંત કરેવિ, નિસુણો ભો ભાવિઆ, જિમ નિવસે તુમ દેહ ગેહ ગુણ ગણ ગહગહિઆ ૧. જંબુદીવ સિરિ ભરહખિત્ત ખોણીતલમંડણ, મગધદેશ સેણીય નરેશ રીઉદલ બલખંડણ; ધણવર ગુવ્વર નામ ગામ જહિં ગુણગણ સજ્જા, વિપ્પ વસે વસુભૂઇ તથ્ય તસુ પુહવી ભજ્જા, ૨. તાણ પુત્ત સિરિ ઇંદભૂઇ ભૂવલય પ્રસિધ્ધો, ચઉદહ વિદ્યા વિવિહ રૂવ નારિ રસ વિધ્ધો (લુધ્ધો); વિનય વિવેક વિચાર સાર ગુણગણહ મનોહર, સાત હાથ સુપ્રમાણ દેહ રૂપે રંભાવર, ૩. નયણ વયણ કર ચરણ જિણ, પંકજ જળે પાડિઅ, તેજે તારા મંદ સૂર આકાશે ભમાડિઅ; રૂવે મયણ અનંગ કરેવિ મેલ્હિઓ નિરધાડિઅ, ધીરમેં મેરૂ ગંભીર સિંધુ ચંગ મચયચાડિઅ. ૪. પેખવિ નિરૂવમ રૂવ જાસ જીણ જંપે કિંચિઅ, એકાકી કલિભીત્ત ચિત્ત ગુણ મેહલ્યા સંચિઅ; અહવા નિશ્ચે પુવ્વજમ્મે જિણવર ઇણે અંચિઅ, રંભા પઉમા ગૌરિ ગંગા

રતિ આવતી વંચિઅ. ૫. નહિ બુધ નહિ ગુરૂ કવિ ન કોઇ જમ્મુ આગળ રહિઓ, પંચસયા ગુણ છાત્ર હીંડે પરિવરિઓ; કરે નિરતર યજ્ઞકર્મ મિથ્યામતિ મોહિઅ, ઇણે છલિ હોસે ચરણનાણ દંસણહ વિસોહિઅ. ૬.

વસ્તુ.

જંબુદીવહ જંબુદીવહ, ભરહવાસમિ, પોણિતળમંડણ, મગધ દેશ, સેણિયનરેસર, વર ગુબ્બર ગામ તિહાં, વિપ્પ વસે વસુભૂઇ સુંદર; તસુ ભજ્જા પુહવી, સયલ ગુણગણ રૂવનિહાણ; તાણ પુત્ત વિજ્જાનિલો, ગોયમ અતિહિ સુજાણ. ૭.

ભાષા (ઢાળ બીજી)

ચરમ જિણેસર કેવળ નાણી, ચઉવિહ સંઘ પઇઠ્ઠા જાણી, પાવાપુર સામી સંપતો, ચઉવિહ દેવ નિકાયહિ જુત્તો ૮. દેવે સમવસરણ તિહાં કીજે, જિણ દીઠે મિથ્યામતિ ખીજે, ત્રિભુવનગુરૂ સિંહા સણે બેઠા. તતખિણ મોહ દિગતે પઇઠ્ઠા, ૯. ક્રોધ માન માયા મદપૂરા; જાએ નાઠા જિમ દિન ચોરા; દેવદુંદુભિ આકાશે વાજે, ધર્મનરેસર આવ્યા ગાજે. ૧૦. કુસુમ વૃષ્ટિ વિરચે તિહાં દેવા, ચઉસઠ ઇંદ્રજ માગે સેવા; ચામર છત્ર શિરોવરિ સોહે, રૂપે જિણવર જગ સંમોહે (સહુ મોહે). ૧૧. ઉપસમ રસભરભરિ વરસંતા, યોજનવાણિ વખાણ કરંતા; જાણિઅ વર્ધમાન જિન પાયા. સુરનર કિંનર આપે રાયા. ૧૨. કાંતિસમુહે ઝલઝલકંતા, ગયણ વિમાણે રણરણકંતા; પેખવિ ઇંદભૂઈ મન ચિંતે, સુર આવે અમ્હ યજ્ઞ હોવંતે. ૧૩. તીર તરંડક જિમ તે વહતા, સમવસરણ પહુતા ગહગહતા; તો અભિ-

માને ગોયમ જંપે, ઇણે અવસરે કોપે તણુ કંપે. ૧૪. મૂઢા લોક અજાણ્યો બોલે, સુદ જાણુંતા ઇમ કાંઇ ડોલે; સુર આગળ કો જાણુ ભણીજે, મેરૂ અવર કિમ ઓપમ દીજે. ૧૫;

વસ્તુ છંદ.

વીર જીણુવર વીર જીણુવર, નાણુસંપન્ન, પાવાપુરી સુરમહિય પત્તનાહ સંસાર તારણુ, તિહિં દેવેહિં નિમ્મવિઅ સમોસરણુ બહુ સુખ કારણુ, જીણુવર જગ ઉજ્ઝોયકરે તેજે કરી દિનકાર; સિંહાસણે સામીઅ ઠવિઓ, સુજયજયકાર.

ભાષા (ઢાળ ત્રીજી.)

તવ ચડિઓ ઘણુમાણગજે, ઇંદ્રભૂઇ ભૂદેવ તો; હુંકારોકરિ સંચરિઅ, કવણુસુ જિણુવર દેવ તો. ૧૭. યોજન ભૂમિસમોસરણ, પેખે પ્રથમારંભ તો; દહદિસિ દેખે વિબુધ્ધ વધું, આવતી સુર રંભ તો. ૧૮. મણિમય તોરણ દંડ ધજ, કોસીસે નવ ઘાટ તો; વયર વિવર્જિત જંતુ ગણુ, પ્રતિહારજ આઠ તો. ૧૯ સુરનર કિન્નર અસુર વર. ઇંદ્ર ઇંદ્રાણી રાય તો; ચિત્ત ચમક્રિય ચિંતવે એ, સેવંતા પ્રભુ પાય તો. ૨૦ સહસકિરણુ સમ વીર જિણુ. પેખવે રૂપ વિશાલ તો; એહ અસંભત સંભવે એ, સાચો એ ઇંદ્રજાળ તો ૨૧. તવ બોલાવે ત્રિજગ ગુરૂ, ઇંદ્રભૂઇ નામેણુ તો, શ્રીમુખે સંશય સામિ સવે, ફેડે વેદ પએણુ તો ૨૨. માન મેલ્હી, મદ ઠેલી કરી, ભગતે નામે શીસ તો; પંચ સયાંશું વ્રત લીઓએ, ગોયમ પહેલો સીસ તો. ૨૩. બંધવ સંજમ સુણવિ કરી, અગનિભૂઇ આ વેય તો, નામ લેઇ અભ્યાસ કરે, તે પણુ પ્રતિબોધેય તો. ૨૪. ઇણે

અનુક્રમે ગણુહર રયણ, થાપ્યા વીરે અગ્યાર તો; તવ ઉપદેસે ત્રીભુ-વન ગુરૂ, સંયમશું વ્રત બાર તો. ૨૫. બિહુ ઉપવાસે પારણું એ, આપણુપે વિહરંત તો; ગોયમ સંગમ જગ સયલ જયજયકાર કરતે તો. ૨૬.

વસ્તુ છંદ.

ઇંદભુઇઅ, ઇંદભુઇઅ, ચડિઅ બહુ માને, હુંકારો કરી સંચ રિઓ સમોસરણે પહોંતો તુરંત, અહ સંસા સામિ સવે, ચરમનાહ ફેડે ફુરંત, બોધિ બીજ સંજાય મને, ગોયમ ભવહ વિરત્ત, દિખ્ખ લઇ સિખ્ખા સહિઅ, ગણુહર પય સંપત્ત. ૨૭.

ભાષા. (ઢાળ ચોથી)

આજ હુઓ સુવિહાણ, આજ પચેલિમાં પુણ્ય ભરો; દીઠા ગોયમ સામિ, જો નિઅ નયણે અમિય ભરો, ૨૮ સિરિગોયમ ગણ-ધાર, પંચસયાં મુનિ પરવરિય; ભૂમિય કરય વિહાર, ભવિયણ જન પડિબોહ કરે. ૨૯) સમવસરણ મઝારિ, જે જે સંસય ઉપજે એ; તે તે પર ઉપકાર, કારણ પુછે મુનિપવરો. ૨૯. જિહાં જિહાં દીજે દીખ, તિહાં તિહાં કેવળ ઉપજે એ; આપ કન્હે અણહુંત, ગોયન દીજે દાન ઇમ. ૩૦. ગુરૂ ઉપરિ ગુરૂ ભત્તિ, સામી ગોયમ ઉપનીય; ઇણી છલે કેવળનાણ, રાગજ રાખે રંગ ભરે. ૩૧. જો અષ્ટાપદિ શેલ, વંદે ચઢિય ચઉવીસ જિણ; આતમલબ્ધિ વસેણ, ચરમસરીરી સોય મુનિ. ૩૦. ઇય દેસણ નિસુણેઇ. ગોયમ ગણુહર સંચલિય; તાપસ પન્નરસએણ, તો મુનિ દીઠો આવતો એ. ૩૩, તપસોસિય નિયઅંગ, અમ્હ સંગતિ નવિ ઉપજે એ; કિમ ચડસે દઢ કાય, ગજ જિમ

દીસે ગાજતો એ. ૩૪. ગિરૂઓ એણે અભિમાન, તાપસ જ મન ચિંતવે એ; તો મુનિ ચડિયો વેગ, આલંબવિ દિનકર કિરણ. ૩૫. કંચણમણિ નિષ્પન્ન, દંડ કલસ ધજવડ સહિઅ; પેખવિ પરમાનંદ, જિણહર ભરતેસર મહિઅ. ૩૬. નિય નિય કાય પ્રમાણ, ચઉદિસિ સંઠિઅ જિણહ બિંબ; પણમવિ મન ઉલ્હાસ, ગોયમ ગણહર તિહાં વસીય. ૩૭. વઇર સામીનો જીવ, તિર્યક્ જંભક દેવ તિહાં, પ્રતિબોધે પુંડરીક, કંડરીક અધ્યયન ભણી, ૩૮. વળતા ગોયમસામી, સવી તાપસ પ્રતિબોધ કરે; લેઇ આપણે સાથ, ચાલે જેમ જુથાધિપતિ. ૩૯. ખીર ખાંડ ઘ્રુત આણ, અમિઅવુઠ અંગુઠ ઠવી, ગોયમ એકણ પાત્ર કરાવે પારણો સવી. ૪૦. પંચસયા શુભભાવિ, ઉજ્જળ ભરિયો ખીરમસિ, સાચા ગુરૂ સંયોગે કેવળ તે કેવળ રૂપ હુઆ. ૪૧ પંચસયા જિણનાહ, સમવસરણે પ્રાકારત્રય; પેખવી કેવળનાણ, ઉપન્નું ઉજ્ઝોય કરે. ૪૨ જાણે જીણહ પીયુપ ગાજતિ ઘણ મેઘ-જિમ; જીનવાણી નિસુણેઇ, નાણી હુઆ પાંચ સયા. ૪૩.

વસ્તુ છંદ.

ઇણે અનુક્રમે, ઇણે અનુક્રમે, નાણ સપન્ન, પન્નરહ સય પરિવરિય; હરિય દુરિય, જિણનાહ વંદઇ, જાણેવી જગગુરૂ વયણ, તિહનાણ અપ્પાણ નિંદઇ; ચરમ જિણેસરતવ ભણઇ ગોયમ ઇમ કરિસ-ણુઇમખેઉ; છેહ જઇ આપણે સહી, હોસ્યું તુલ્લા બેઉ. ૪૪

ભાષા-ઢાળ પાંચમી.

સામીઓએ વીર જિણંદ, પૂનિમચંદ જિમ ઉલ્લસિય; વિહરિઓએ ભરહવાસંમિ, વરિસ બહુત્તર સંવસીઅ, ઠવતો એ કણય

પમેવપાયકમળ સંચહિ સહિય; આવિઓએ નયણાણંદ, નયર પાવાપુરિ સુરમહિય. ૪૫ પેખીઓએ ગોયમસામિ દેવશર્મા પ્રતિબોધ કરે; આપણો એ ત્રિશલાદેવીનંદન પહોતો પરમપએ. વળતો એ દેવ આકાશિ, પેખવિ જાણિઅ જિણ સમેએ, તો મુનિએ મન વિષવાદ, નાદભેદ જિમ ઉપનોએ. ૪૬ કુણ સમોએ સામિઅ દેખી, આપ કન્હે હું ટાળિઓએ; જાણુતો એ તિહુઅણનાહ, લોક વિવહાર ન પાલિઓએ; અતિ ભલું એ કીધેલું સામિ, જાણ્યું કેવળ માગશે એ; ચિંતવિઉં એ બાળક જેમ. અહવા કેડે લાગશે એ. ૪૭ હું કિમ એ વીરજિણંદ. ભગતે ભોળો ભોળવ્યો એ; આપણોએ અવિહડનેહ, નાહ ન સંપે સાચવ્યો એ; સાચો એ ઈહિ વીતરાગ, નેહ ન જેહને લાલિઓ એ, તિણેસમે એ ગોયમ ચિત્ત; રાગ વિરાગે વાળિઓએ. ૪૮. આવતો એ જે ઉલટ, રહેતો રાગે સાહિઓ એ; કેવલુંએ નાણ ઉપન્ન, ગોયમ સહેજે ઉમાહિયું એ; ત્રિભુવને એ જય જયકાર, કેવલ મહિમા સુર કરે એ; ગણુહરૂ એ કરે વખાણ, ભવિયણ ભવ-જિમ નિસ્તરે એ. ૪૯

વસ્તુ.

પઢમ ગણુહર પઢમ ગણુહર. વરિસ પચાસ ગિહવાસે સંવસિઅ; તીસ વરિસ સંજમ વિભૂસિય, સિરિ કેવળ નાણ, પુણ બાર વરસ તિહુઅણ નમંસિઅ; રાજગહી નયરી ઠવ્યો, બાણુંવઇ વરેસાઉ; સામી ગોયમ ગુણનિલો, હોસઇ સીવપુર ઠાઉ. ૫૦

ભાષા ઢાળ છઠ્ઠી.

જિમ સહકારે કોયલ ટહુકે, જિમ કુસુમહ વને પરિમળ બહેકે, જિમ ચંદન સુગંધનિધિ; જિમ ગંગાજળ લહેરે લહકે, જિમ કણુયાચળ તેજે ઝળકે, તિમ ગોયમ સોભાગનિધિ. ૫૧ જિમ માનસરોવર નિવસે હંસા, જિમ સુરવર ગિરિ કણુયવતંસા, જિમ મહુયર રાજીવવને; જિમ રયણાયર રયણે વિલસે, જિમ અંબર તારાગણ વિકસે, તિમ ગોયમ ગુણ કેલિવનિ. ૫૨ પુનિમ દિન (નિશિ) જિમ સસિહર સોહે, સુરતરૂ મહિમા જિમ જગ મોહે, પૂરવ દિસિ જિમ સહસકરો, પંચાનન જિમ ગિરિવર રાજે, નરવઇ ઘરે જિમ મયગલ ગાજે, તિમ જિનશાસન મુનિપવરો. ૫૩ જિમ સુરતરૂવર સોહે સાખા, જિમ ઉત્તમ મુખે મધુરી ભાષા, જિમ વન કેતકી ગહંમહે એ; જેમ ભૂમિપતિ ભુયબળ ચમકે, જિમ જિણમંદિર ઘટા રણુકે, ગોયમ લબ્ધે ગહગહે એ. ૫૪ ચિંતામણિ કર ચઢિઓ આજ, સુરતરૂ સારે વંછિત કાજ, કામ કુંભ સવિ વસિ હુંઓ એ, કામગવી પૂરે મન કામિય, અટ્ટ મહા સિદ્ધિ આવે ધામિય, સામિય ગોયમ અણુસરેં એ. ૫૫ પણવાક્ષર પહેલા પભણિજે માયા બીજ શ્રવણ નિસુણીજે, શ્રીમુખ (શ્રીમતિ) શેભા સંભવે એ; દેવહ ધુરિ અરિહંત નમીજે, વિનય પહુ ઉવઝ્ઝાય થુણીજે, ઇણે મંત્રે ગોયમ નમો એ, ૫૬ પર ઘર વસતાં કાંઇ કરીજે, દેશ દેશાન્તર કાંઇ ભમીજે, કવણુ કાજે આયાસ કરો; પ્રહ ઉઠી ગોયમ સમરીજે, કાજ સવે તતખિણુ તે સીઝે, નવનિધિ વિલસે તાસ ઘરે. ૫૭ ચઉદહસય બારોત્તર વરિસે, ગોયમ ગણધર કેવળ દિવસે, ખંભ નયર પ્રભુ

પાસ પસાયે, કીયો કવિત ઉપગાર કરો; આદિહી મંગળ એહ ભણીજે, પરવ મહોત્સવ પહિલો દીજે, રિદ્ધિ વૃદ્ધિ કલ્યાણ કરો. ૫૮.

ધન્ માતા જેણે ઉઅરે ધરીયા, ધન પિતા જિણ કુળે અવતરિયા, ધન સહગુરૂ જિણે દીખિયા એ, વિનયવત વિદ્યા ભંડાર, જસુ ગુણ પુહવી ન લબ્ભે પાર, વડ જિમ શાખા વિસ્તરે એ. ૫૯.

ગૌતમસ્વામીનો રાસ ભણીજે, ચઉવિહ સંઘ રલિયાયત કીજે, સયળ સંઘ આણુંદ કરો: કુંકુમ ચંદન થડો દેવરાવો, માણેક મોતીના ચોક પુરાવો, રયણ સિહાસણ બેસણું એ. ૬૦ તિહાં બેસી ગુરૂ દેશના દેશે ભવિક જીવનાં કાજ સરેસે, ઉદયવંત (વિજયભદ્ર) મુનિ એમ ભણે એ, ગાયમસ્વામી તણો એ રાસ, ભણતાં સુણતાં લીલવિલાસ, સાસય સુખ નિધિ સંપજેએ ૬૧, એહ રાસ જે ભણે ભણાવે વર મયંગળ લચ્છી ઘર આવે, મન વંછિત આશા ફળે એ ૬૨. ઇતિ.

જે ભવિ પ્રેમે ભણે એ રાસ.

તસ આધિ વ્યાધિ ઉપાધિનાસ, ચિદાનંદ ધન પદલહે એ. ૬૩ માંગલિક કાજે એહ સમરીજે, વિદ્યા વૃદ્ધિ વિવેક લહિજે, સમરણ ભજન ભવિનિત કરો એ. ૬૪. ગુરૂ ભકતો ગોયમ ગુણવંતો, પચાસ લબ્ધિ તણોએ કંતો તસનામે ભવજળ તરોએ. ૬૫.

ઇતિ શ્રી ગૌતમ સ્વામિનો મોટો રાસ. ॥

પાર્શ્વનાથજી ચૈત્યવંદન.

પ્રભુ પાસજી તાહરૂં નામ મીઠું, ત્રીહુલોકમાં એટલું સાર દીઠું સદા સમરતાં સેવતાં પાપ નીઠું મન માહરે તાહરૂં ધ્યાન બેઠું

॥ ૧ ॥ મન તુમ પાસે વસે રાત દીવસે, મુખપંકજ નીરખવા હાસહીસે ॥ ધન્ય તે ઘડી જે ઘડી નયણ દીસે, ભલી ભકની ભાવે કરી વીનવીએ ॥૨॥ અહો એહ સંસાર છે દુઃખ દોરી, ઇંદ્રજાલમાં ચીત લાગી ઠગોરી ॥ પ્રભુ માનીએ વીનતી એક મોરી, મુજ તાર તું તાર બલીહારી તોરી ॥૩॥ સહી સુપન જંજાલમાં સંઘ મોહયો ॥ ઘડીઆળમાં કાળ રમતો ન જોયો ॥ મુધા એમ સંસારમાં જનમ ખોયો, અહો ઘ્રૃત તણે કારણે જળ વલોયો ॥૪॥ એતો ભમરલોકે-સુઆં ભ્રાંતી ધાયો ॥ જઇ શુક તણી ચંચુ માંહે ભરાયો ॥ શુક જંબુ જાણી ગળે દુઃખ પાયો ॥ પ્રભુ લાલચે જીવડો એમ વાહયો ॥૫॥ ભમ્યો ભર્મ ભુલો રમ્યો કર્મભારી ॥ દયા ધર્મની શર્મ મે નવી વિચારી ॥ તોરી નમ્રવાણી પરમ સુખકારી ॥ ત્રીહું લોકના નાથ મેં નવી સંભારી ॥૬॥ વિષય-વેલડી સેલડી કરીરે જાણી ॥ભજી મોહ તૃષ્ણા તજી તારી વાણી॥ એવો ભલો ભૂંડો નીજ દાસ જાણીં ॥ પ્રભુ રાખીએ બાંહની છાંહિ પ્રાણી ॥૭॥ મારા વિવિધ અપરાધની કોડી સહીએ ॥ પ્રભુ સરણ આવ્યા તણી લાજ વહીએ ॥ વલી ઘણી ઘણી વીનતી એમ કહીએ મુજ માનસ પરમહંસ રહીએ ॥૮॥ કલશ ॥ કૃપા મુરતી પાસ સ્વામી મુગતી ગામી ધ્યાઇએ ॥ અતિ ભગતી ભાવે વિપત્તી જાવે પરમસંપદ પાઇએ ॥ પ્રભુ મહિમા સાગર ગુણ વિરાગર પાસ આંતરીક જે સ્તવે ॥ તસ સકળ મંગલ જય જયારવ આનંદ વર્ધનવીનવે ॥૯॥ ઇતિ પાર્શ્વ સ્તુતિ ચૈત્યવંદન.

—✻—

શત્રુંજયતિર્થ થોય.

શ્રી શત્રુંજય મંડણ રૂષભ જીણંદ દયાલ, મરુદેવા નંદન વંદન કરૂ ત્રણ કાળ ॥ એ તીરથ જાણી, પૂરવ નવાણુંવાર, આદિશ્વર આયા ॥ જાણી લાભ અપાર ॥ ૧ ॥ ત્રેવીશ તીર્થંકર ॥ ચઢીઆ પાવન તિરથ ત્રીભોવન નહી તસ તોલે ॥ એ તિરથના ગુણ શ્રીમંધરમુખ બોલે ॥૨॥ પુંડરગિરિ મહિમા આગમમાં પ્રસિદ્ધ ॥ વિમળાચળ ભેટી લહીએ અવિચળ રુદ્ધિ ॥ પંચમી ગતિ પહોત્યાં ॥ મુનિવર કોડાકોડ ॥ એણે તીરથ આવી ॥ કર્મ વિપાક વિછોડ ॥ ૩ ॥ શ્રી શેત્રુંજય કેરી અહોનિશ રક્ષા કરી ॥ શ્રી આદિ જીનેશ્વર આણ હ્રદયમા ધારી ॥ શ્રી સંઘ વિઘ્નહર ॥ કવડયક્ષ ભરપૂર ॥ શ્રી સંઘના સંકટ રવિ બુધસાગર ચૂર ॥ ૪ ॥ ઇતિ ॥

શ્રી ગૌતમસ્વામિનો છંદ.

વીર જીનેશ્વર કેરો શિષ્ય, ગૌતમ નામ જપો નિશદિસ,
જો કીજે ગૌતમનું ધ્યાન, તો ઘર વિલસે નવે નિધાન
ગૌતમ નામે ગિરિવર ચઢે, મનવંછીત હેલા સંપજે,
ગૌતમ નામે નાવે રોગ, ગૌતમ નામે સર્વ સંજોગ,
ભુત પ્રેત નવી ગંડે પ્રાણ, તે ગૌતમના કરૂં વખાણ,
ગૌતમ નામે નિર્મળ કાય, ગૌતમ નામે વાધે આય,
ગૌતમ જીનશાસન શણગાર, ગૌતમ નામે જયજયકાર,
શાળદાળ સુરહા ઘ્રૃત ગોળ મનવંછીત કાપડ તંબોલ,
ઘરસુ ઘરણી નિર્મળ ચીત્ત, ગૌતમ નામે પૂત્ર વિનીત,
ગૌતમ ઉગ્યો અવિચળ ભાણ, ગૌતમનામ જપો જગ જાણ,

મોટા મંદિર મેરૂ સમાન, ગોતમ નામે સફળ વિહાણ,
ઘર મયગળ ઘોડાની જોડ, વારૂ પહોંચે વંછીત કોડ,
મહિયળ માને મોટા રાય, જો ત્રુઠે ગૌતમના પાય,
ગૌતમ પ્રણમ્યા પાતીક ટળે, ઉત્તમ નરની સંગત મળે.
ગૌતમ નામે નિર્મળ જ્ઞાન, ગૌતમ નામે વાધે વાન,
પુન્યવંત અવધારો સહુ, ગુરૂ ગૌતમના ગુણ છે બહુ.
કહે લાવણ્ય સમય કર જોડ, ગૌતમ તુઠે સંપત્તિકોડ

ચોવીસ જીનેશ્વરના છંદ.

આર્યા બ્રહ્મસુતા ગીરવાણી ॥ સુમતિ વિમલ આપો બ્રહ્માણી ॥ કમલ કમંડલ પુસ્તક પાણી ॥ હું પ્રણમું જોડી જુગ પાણી ॥ ૧ ॥ ચોવીશે જીનવર તણા, છદ રચું ચોસાલ ॥ ભણતાં શિવસુખ સંપજે ॥ સુણતા મંગલમાલ ॥ ૨ ॥

છંદ જાતી સવૈયા.

આદિ જીણંદ નમે નરઈંદ સ પુનમચંદ સમાન મુખં ॥ સમામૃત કંદ ટાલે ભવફંદ મરૂદેવીનંદ કરત સુખં ॥ લગે જસ પાય. સુરિંદ નિકાય ભલા ગુણ ગાય ભવિક જનં ॥ કંચન કાય નહિ જસ માય નમે સુખ થાય શ્રી આદિ જિનં ॥ ૧ ॥ અજીન જીણંદ દયાલ મયાલ વિશાલ નયન કૃપાલ જુગં ॥ અનોપમ ગાલ મહામૃગ ચાલ સુભાવ સુજાનગ બાહુ જુગં ॥ મનુષ્ય મેલીહ મુનિસરસિંહ અબીહ નરીહ ગયે મુગતિ ॥ કહે નય ચિત્ત ધરી બહુ ભક્તિ નમે

જીનનાથ ભલી જુગતિ ॥ ૨ ॥ કહે સંભવનાથ અનાથકો નાથ મુગ તિકો સાથ મિલ્યો પ્રભુ મેરો ॥ ભવોદધિપાજ ગરીબનિવાજ સબે શિરતાજ નિવારત ફેરો ॥ જીતારીકો જાત સુસેના માત નમે નર જાત ગિલી બહુ ઘેરો ॥ કહે નય શુદ્ધ ધરી બહુ બુદ્ધ જીનાવર નાથકું સેવક તેરો ॥ ૩ ॥ અભિનંદન સ્વામ લીયે જસ નામ સરે સવિ કામ ભવિક તણો ॥ વિનિતા જસ નિવાસકો ઠામ કરે ગુણગ્રામ નરિંદ ઘણો ॥ મુનીશ્વર રૂપ અનોપમ ભૂપ અકલ સ્વરૂપ જીનંદ તણો ॥ કહે નય એમ ધરી બહુ પ્રેમ નમે નર પાવત સુખ ઘણો ॥ ॥ ૪ ॥ મેઘ નરિંદ મલ્હાર વિરાજીત સોવનવાન સમાન તનુ ॥ ચંદ સુચંદ વદન સુહાવત રૂપવિગર્વિત કામ તનુ ॥ કર્મકી કોડ સબે દુઃખ છોડ નમે કર જોડ કરી ભગતિ ॥ વંશ ઇક્ષ્વાગ વિભૂષણ સાહિબ સુમતિ જીનંદ ગએ મુગતિ ॥ ૫ ॥ હંસપાદ તુલ્ય રંગ રતિ અધ રાગરંગ અઢીસેં ધનુષ ચંગ દેહકો પ્રમાણ હે ॥ ઉગતો દિણંદ રંગ લાલ કેસુ ફુલ કંગ રૂપ હે અનંગ ભંગ અંગ કેરો વાન હે ॥ ગંગકો તરંગ રંગ દેવનાથહિ અભંગ જ્ઞાનકો વિલાસ રંગ શુદ્ધ જાકો ધ્યાન હે ॥ નિવારીએ ક્લેશ સંગ પદ્મપ્રભુ સ્વામી ધીંગ દીજીએ સુમતિ સંગ પદ્મ કેરો જાણ હે ॥ ૬ ॥ જીણંદ સુપાસ તણા ગુણ રાસ ગાવે ભવિ ભાસ આણંદ ઘણે ॥ ગમે ભવિ પાસ મહિમા નિવાસ પૂરે સવિ આસ કુમતિ હણે ॥ ચિહું દિસે વાસ સુગંધ સુખાસ ઉસાસ નિઃસાસ જીનેદ્ર તણો ॥ કહે નય ખાસ મુનીંદ્ર સુપાસ તણો જસ વાસ સુદેવ ભણો ॥ ૭ ॥ ચંદ્ર ચંદ્રીકા સમાન રૂપ સેલસે સમાન દોઢસો ધનુપમાન દેહકો પ્રમાણ હે ॥

ચંદ્રપ્રભુસ્વામી નામ લીજીએ પ્રભાત જનમ પામીયે સુખ ઠામ ઠામ ગામજ સગાન હે ॥ મહાસેન અંગ જાત લક્ષમણાભિધાન માત જગમાં સુવાસ વાત ચિહું દિસે થાત હે ॥ કહે નય છોડી વાત ધ્યાઇયે જો દિનરાત પામીયે તો સુખ સાત દુખ મીટજાત હે ॥ ॥ ૮ ॥ ધોલો દુધફેન પિંડ ઉજલો કપૂરખંડ અમૃત સરસ કુંડ શુદ્ધ જાકો તુંડ હે ॥ સુધાવીજી નંદ સંત કીજીયે કર્મ અંત શુભ ભક્તિ જાસ દંત શ્વેત જાકો વાણ હે ॥ કહે નય સુણો સંત પૂજીયે જો પુષ્પદંત પામીયે તો સુખ સંત શુદ્ધ જાકો ધ્યાન હે ॥ ૯ ॥ શીતલ સીતલ વાણી ઘનાનન ચાહેત હે ભવિકોક કિસોરા ॥ કાક જીણુંદ પ્રજાસુ નરિંદ વલી જીમ ચાહત ચંદ ચકોરા ॥ વિધ ગયંદ સુચિ સુરિંદ સતિ નિજ કંત સુમેઘ મયુરા ॥ કહે નય નેહ ધરી ગુણ ગેહ તથાહુ ધ્યાવત સાહેબ મેરા ॥ ૧૦ ॥ વિષ્ણુ ભૂપકો મલ્હાર જગજંતુ સુખકાર વંશકો શૃંગારહાર રૂપકો અંગાર હે ॥ છોડી સવિ ચિત્તકાર માન મોહકો વિકાર કામ ક્રોધકો સંચાર સર્વ વેરી વાર હે ॥ આદર્યો સંજનભાર પંચ મહાવ્રત સાર ઉતારે સંસારપાર જ્ઞાનકો ભંડાર હે ॥ ઇગ્યારમો જીણંદ સાર ખડગીજીવ ચિત ધાર કહે નય વારોવાર મોક્ષકો દાતાર હે ॥ ૧૧ ॥ લાલ કેસ ફૂલ લાલ રતિ અર્ધ રંગ લાલ ઉગતો દિણુંદ લાલ લાલચોલ રંગ હે ॥ કેસરીકી જીહ લાલ કેસરકો ઘોલ લાલ ચુનડીકો રંગ લાલ લાલ પાન રંગ હે ॥ લાલ કીર ચંચૂ લાલ હીંગલો પ્રવાલ લાલ કોકિલાકી દૃષ્ટિ લાલ લાલ ધર્મ રંગ હે ॥ કહે નય તેમ લાલ બારમો જીણુંદ લાલ જયાદેવી માત લાલ લાલ જાકો અંગ હે ॥ ૧૨ ॥ કૃતવર્મ

નરિંદ તણો ઇહ નંદ નમંત સુરેંદ પ્રમોદ ધરી ॥ દમે દુઃખ દંદ દીયે સુખવૃંદ જાકો પદ સોહત્ત ચિત્ત ધરી ॥ વિમલ જીણંદ પ્રસન્ન વદન જાકે સુભ મન્ન સુગંગ પરિ ॥ ણમે એક મન્ન કહે નવ ધન્ય નમો જીનરાજ દિણંદ સુપ્રીત ધરી ॥ ૧૩ ॥ અનત જીણંદ દેવ દેવમાં દેવાધિદેવ પૂજે ભવિ નિતમેવ ધરી બહુ ભાવના ॥ સુર નર સારે સેવ સુખ કીઉ સ્વામી હેવ તુજ પાખે ઓર દેવ ન કરૂં હું સેવના ॥ સીહસેન અંગ જાત સુજસાભિધાન માત જગમાં સુજસ ખ્યાત ચિહું દિશે વ્યાપતો ॥ કહે નય તાસ વાત કીજીએ જો સુપ્રભાત નિજ હોય મુખ સાત કીર્તિ કોડ આપતો ॥ ૧૪ ॥ ॥ જાકે પ્રતાપ પરાજીત નિરમલ ભૂત થઇ ભમે ભાનુ આકાશે ॥ સોમ્ય વદન વિનિર્જીત અતર સ્યામ વાસીવેન હોત પ્રકાસે ॥ ભાનું મહી પતિ વસે કુસય બાવ ન દીખત ભાનુ પ્રકાસે ॥ નમે નય નેહ નિતુ સાહિબ એહ ધર્મ જીણંદ ત્રિજગ પ્રકાસે ॥ ૧૫ ॥ સોલમા જીણંદ નામે શાંતિ હોય ઠામોઠામે સિદ્ધિ હોઇ સર્વ કામે નામકે પ્રભાવતેં ॥ કંચન સમાન વાન ચાલીસ ધનુંસ માન ચક્ર વર્તીકો ભિધાન દીપતો તે સૂરથે ॥ ચૌદ રયણુ સમાન દીપતા નવય નિધાન કરત સુરેંદ્ર ગાન પુણ્યકે પ્રભાવથે ॥ કહે નય જોડી હાથ અબહુ થયો સનાથ પાઇઓ સુમતિ સાથ શાંતિનાથકે દિદારથે ॥ ૧૬ ॥ કહે કુંથુ જીણંદ પાઇઓ સુતિમ સાથ શાંતિનાથકે દિદારથે ॥ ૧૬ ॥ કહે કુંથુ જીણંદ દયાલ મયાલ નિધિ સેવકની અરદાસ સુણો ॥ ભવ ભીમ મહાર્ણવ પૂર અગાહ અથાહ ઉપાધિ સુનીર ઘણો ॥ બહુ જન્મ જરા મરણાદિ વિભાવ નિમિસ ગણાદિ કલેસ ઘણો ॥ અવતાર કતાર કિપા પર

સાહિબ સેવક જાણીએ છે અપણો ॥ ૧૭ ॥ અરદેવ સુદેવ કરે નર સવે સેવ દુઃખ દોહગ દૂર કરે ॥ ઉપદેશ ઘનાઘન નીરભરે ભવિ માન સમાનસ ભૂરિતરે ॥ સુદર્શન નામ નરેસર અંગજ ૧ ભવ્યમને પ્રભુ જાસ વસે ॥ તસ સંકટ સોગ વિયોગ યોગ દરિદ્ર કુસંગતિ ન આવત પાસે ॥ ૧૮ ॥ નીલ કીર વંશી નીલ માંગવલિ પત્ર નીલ તરૂવર રાજી નીલ નીલ નીલદ્રાખ હે ॥ કાચકો સુગોલ નીલ ઇંદ્રનીલ રત્નનીલ પદ્મનીલ ચાસ હે ॥ જમુના પ્રવાહ નીલ ભ્રંગરાજ પંખી નીલ જેહવો અસોક રૂખ નીલ રંગ હે ॥ કહે નય તેમ નીલ રાગથે અતિવ નીલ મલ્લિનાથ દેવનીલ જાકો અંગ નીલ હે ॥ ૧૯ ॥ સુમિત્ર નરિંદ તણો વરનંદ સુચંદ્ર વદન સોહાવત હે ॥ મંદર ધીર સવેન રહીર સુસામ શરીર બિરાજીત હે ॥ કજ્જલવાન સુકચ્છપયાન કરે ગુણ-ગાન નરિંદ ઘણો ॥ મુનિસુવ્રત સ્વામી તણો અભિધાન લહે નય માન આનંદ ઘણો ॥ ૨૦ ॥ અરિહંત સરૂપ અનોપમ રૂપ કે સેવક દુઃખને દૂર કરે ॥ નિજ વાણી સુધારસ મેઘ જલે ભવિ માન સમા-નસ ભૂરિ રે ॥ નમિનાથકો દર્શન સાર લહી કુણ વિષ્ણુ મહેસ ધરે જો પરે ॥ અબ માનવ મૂઢ લહી કુણ ્સકર છોડકે કંકર હાથ ધરે ॥ ૨૧ ॥ જાદવ વંશ વિભૂષણ સાહિબ નેમિ જીણંદ મહાનં-દકારી ॥ સમુદ્રવિજ્ય નરિંદ તણો સુત ઉજ્જલ શંખ સુલક્ષણ ધારી ॥ રાજુલ નાર મૂકી નિરધાર ગયે ગિરનાર ૧કેલેસ નિવાસી ॥ કજ્જર કાય શિવાદેવી માય નમે નય ૧પાય મહાવ્રતધારી ॥ ૨૨ ॥ પાર્શ્વનાથ અનાથકો નાથ સનાથ ભયો પ્રભુ દેખતથે ॥ સવિ રોગ વિજોગ કુજોગ મહા દુઃખ દૂર ગયે પ્રભુ ધાવતથે ॥ અશ્વસેન નરેસ સપુત વિરાજીત

ધનાઘનવાન સમાન તનુ ॥ નય સેવક વંછિત પૂરણ સાહિબ અભિનવ કામ કરી રમનુ ॥ ૨૩ ॥ કુકમઠ કુલંઠ ઉલંઠ હઠી હઠ ભંજન જાસ પ્રતાપ વિરાજે ॥ ચંદન વાણીસુ વામાનંદન પુરૂસાદાણી બિરૂદ જસ છાજે ॥ જસ નામકે ધ્યાન થકો સવિ દોહગ દારિદ્ર દુઃખ મહા સવિ ભાંજે ॥ નય સેવક વછિત પૂરણ સાહિબ અષ્ટ મહા સિદ્ધિ નિત્ય નીવાજે ॥ ૨૪ ॥ સિદ્ધારથ ભૂપ તણા પ્રતિરૂપ નમે નર ભૂપ આનંદ ધરી ॥ અચિંત્ય સરૂપ અનોપમ રૂપ કે લંછન સોહત જાસ હરી ॥ તિસલા નંદન સમદ્રમ કંદન લઘુપણે કંપિત મેરૂ ગિરિ ॥ નમે નય ચંદ વદન વિરાજીત વીર જીણંદ સુપ્રીત ધરી ॥ ૨૫ ॥ ચોવીસ જીણદ તણા છઙ છદ ભણે ભવિવૃંદ જે ભાવ ધરી ॥ તસ રોગ વિયોગ કુજોગ ભોગ સવિ દુઃખ દોહગ દૂર ટરે ॥ તસ અંગણ બાર ન લાભે પાર સુમતિ તોખાર હેખાર કરે ॥ કહે નય સાર સુમંગલ ચાર થતે તસ સંપદ ભૂરી ભરે ॥ ૨૬ ॥ સંવેગી સાધુ વિભૂષણ વંશ વિરાજીત શ્રી નયવિમલ જનાનંદકારી ॥ તસ સેવક સંજમધાર સુધારકે ધીરવિમલ ગણી જયકારી ॥ તાસપદાંબુજ ભૃંગ સમાન શ્રી નયવિમલ મહાવ્રત ધારી, કહે એ છંદ સુણો ભવિવૃંદકે ભાવ ધરીને ભણો નર નારી ॥ ૨૭ ॥ સંપૂર્ણ ॥

શ્રી સોળ સતીઓનો છંદ.

આદિનાથ આદિ જિનવર વાંદી, સફળ મનોરથ કીજિએ એ; પ્રભાતે ઉઠી મંગળીક કામે,સોળ સતિનાં નામ લીજીએ એ. ૧ બાળ કુમારી જગહિતકારી, બ્રાહ્મી ભરતની બેહેનડી એ, ઘટ ઘટ વ્યાપક અક્ષર રૂપે, સોળ સતિમાં જે વડી એ. ૨ બાહુબળ બગિની સતીય

શિરોમણી, સુંદરી નામે ઋષભ સુતા એ, અંક સ્વરૂપી ત્રિભુવન માંહે, જેહ અનૂપમ ગુણ જુતા એ. ૩ ચંદનબાળા બાળપણેથી, શીળવંતી શુદ્ધ શ્રાવિકા એ, અડદના બાકુળા વીર પ્રતિ લાભ્યા, કેવળ લહી વ્રત ભાવિકા એ. ૪ ઉગ્રસેન ધુયા ધારિણી નંદન, રાજેમતી નેમ વલ્લભા એ; યોવનવેશે કામને જીત્યો સંજમ લેઇ દેવ દુલ્લભાએ. ૫ પંચ ભરથારી પાંડવ નારી, દ્રુપદ તનયા વખાણીએ એ; એકસો ને આઠે ચીર પુરાણાં, શીયળ મહિમા તસ જાણીયે એ. ૬ દશરથ નૃપની નારી વિરૂપમ, કૌશલ્યા કુળ ચંદ્રિકા એ; શિયળ સલૂણી રામ જનેતા, પુણ્ય તણી પ્રનાળીકા એ. ૭ કોસમ્બિક ઠામે સંતાનિક નામે, રાજ્ય કરે રંગ રાજીયો એ, તસકર ગ્રહી મૃગાવતી સતી, ત્રીભુવને જશ ગાજીયો એ. ૮ સુળસા સાચી શીયળે ન કાચી, રાચી નહી વિષયારસે એ; મુખડું જોતાં પાપ પલાએ, નામ લેતાં મન ઉલ્લસે એ. ૯ રામ રઘુવંશી તેહની કમિની, જનક સુતા સીતા સતી એ; જગ સહુ જાણે ધીજ કરંતા, અનળ શીતળ થયો શીયળથી એ. ૧૦ સુરનર વંદિત શીયળ અખંડિત, શીવા શીવપદ ગામિની એ; જેહને નામે નિર્મળ થઇએ, બલીહારી તસ નામનીએ. ૧૧ કાચે તાંતણે ચાળણી બાંધી, કુવા થકી જળ કાઢયું એ; કલંક ઉતારવા સતીય સુભદ્રા, ચંપા બાર ઉઘાડીયું એ. ૧૨ હસ્તીનાગપુરે પાંડુ રાયની, કુંતા નામે કામીની એ, પાંડવ માતા દસે દસારની, બ્હેન પતીવ્રતા પદ્મનીએ. ૧૩ શીળવતી નામે શીળવ્રત ધારિણી, ત્રીવિધે તેહને વંદીયે એઃ નામ જપંતા પાતિક જાએ, દર્શન દુરીત નીકંદીયે એ. ૧૪ નૈષધ નગરી નળ નરેંદ્રની, દમયંતી તસ ગેહીની

એ; સંકટ પડતાં શીયળજ રાખ્યું, ત્રીભુવન કીર્તિ જેહની એ; ૧૫ અનગ અજીતા જગજન પુજીતા, પુષ્પચુળા ને પ્રભાવતી એ, વીશ્વ વિખ્યાતા કામિત દાતા, સાળમી સતી પદ્માવતી એ. ૧૬ વીરે ભાખી શાસ્ત્રે સાખી, ઉદયરતન ભાખે મુદા એ, વ્હાણું વાતાં જે નર ભણશે, તે લેશે સુખ સંપદા એ. ૧૭

॥ ઇતિ છંદ સમાપ્ત. ॥

—※—

સ્તવન.

ગિરિવર દરસન વિરલા પાવે, પૂરવ સચિત કર્મ ખપાવે–ગિરિ.
રિષભ જીનેશ્વર પૂજા કરાવે, નવેનવે નામે ગિરિ ગુણ ગાવે–ગિરિ.
સહસ્ત્ર કમળ ને મુક્તિ નિલયગિરિ, સિદ્ધાચળ સતકુટ કહાવે–ગિરિ.
ઢંક કદંબ ને કોડિ નિવાસો, લોહિત્ય તાલવજ સુરગાવે–ગિરિ.
ઢંકાદિક પંચકુટ સજીવન, સુરનર મુનિ મળી નામ થપાવે-ગિરિ.
રયણ ખાણ જડીબુટી ગુફાઓ, રસ કુંપીકા ગુરૂ ઇહાં બતાવે–ગિરિ.
પણ પુણ્યવતા પ્રાણી પાવે, પુણ્ય કારણ પ્રભુ પૂજા રચાવે–ગિરિ.
દસ કોટી શ્રાવકને જમાડે, જાઇ તિર્થયાત્રા કરી આવે–ગિરિ.
તેથી એક મુનિ દાન દિયંતા, લાભ ઘણો સિદ્ધાચળ થાવે–ગિરિ.
ચંદ્રશેખર નિજ ભગીની ભોગી, તેપણ એ ગિરિ મોક્ષે જાવે–ગિરિ.
ચાર હત્યારા નર પરદારા, દેવગુરૂ દ્રવ્ય ચોરી ખાવે–ગિરિ.
ચૈત્રી કાર્તિકી પુનિમ યાત્રા, તપ જપ ધ્યાનથી પાપ જળાવે–ગિરિ.
રીષભસેન જીન આદે અસંખ્યા, તિર્થંકર મુગતિ સુખ પાવે–ગિરિ.
શીવવહુ વરવા મંડપ એ ગિરિ, શ્રી શુભવીર વચન રચી ગાવે-ગિરિ.

અથ શ્રી પુન્ય પ્રકાશનું સ્તવન.

દુહા.

સકળ સિદ્ધિદાયક સદા, ચોવીશે જીનરાય
સતગુરૂ સામિની સરસતી, પ્રેમે પ્રણમું પાય;
ત્રિભુવન પતિ ત્રિસલાતણો, નદન ગુણ ગંભીર,
શાસન નાયક જગજયો, વર્દ્ધમાન ભડવીર,
એક દીન વીર જીણંદને ચરણે કરી પ્રણામ;
ભવિક જીવના હિત ભણી, પુછે ગૌતમ સ્વામ.
મુગતિ મારગ આરાધિએ, કહો કિણ પરે અરિહંત,
સુધાસરસ તવ વચન રસ, ભાખે શ્રી ભગવંત.
અતિચાર આલોઇએ, વ્રત ધરીએ ગુરૂ શાખ,
જીવ ખમાવો સયળ જે, યોની ચોરાશી લાખ,
વિધિશું વળી વોસિરાવિએ, પાપ સ્થાન અઢાર;
ચાર શરણ નિત્ય અનુસરો, નિંદો દુરિત આચાર,
શુભ કરણી અનુમોદિએ, ભાવ ભલો મન આણ,
અણસણ અવસર આદરી, નવપદ જપો સુજાણ.
શુભ ગતિ આરાધન તણા, એ છે દશ અધિકાર,
ચિત્ત આણિને આદરો, જેમ પામો ભવપાર.

ઢાળ પહેલી.

જ્ઞાન દરિસણ ચારિત્ર તપવિરજ, એ પાંચે આચાર;
એહ તણા એહ ભવ પરભવના આલોઇએ અતિચારરે,
પ્રાણી જ્ઞાન ભણો ગુણખાણી, વીર વદે એમ વાણીરે. પ્રા, જ્ઞા.

ગુરૂ ઓળવીએ નહિ ગુરૂ વિનયે, કાળે ધરી બહુ માન,
સૂત્ર અર્થ તદુભય કરી સુધાં, ભણીએ વહી ઉપધાનરે. પ્રા જ્ઞા.
જ્ઞાનોપગરણ પાટી પોથી, ઠવણી નોકારવાળી,
તેહ તણી કીધી આશાતના જ્ઞાન ભક્તિ ન સભાળીરે. પ્રા. જ્ઞા.
ઇત્યાદીક વિપરીતપણાથી જ્ઞાન વિરાધ્યુ જેહ,
આભવ પરભવ વળી ભવોભવે મિચ્છામિ દુક્કડં તેહરે,
પ્રાણી સમકિત લ્યો શુદ્ધ જાણી, વીર વદે એમ વાણીરે. પ્રા. સ.
જીન વચને શંકા નવિકીજે, નવિ પર મત અભિલાખ,
સાધુ તણી નિંદા પરિ હરજો ફળ સંદેહ ન રાખરે. પ્રા. સ.
મૂઢપણું છંડો પરશંસા ગુણવંતની આદરિએ,
સાહમ્મીને ધર્મે કરી સ્થીરતા ભક્તિ પ્રભાવના કરીએરે. પ્રા. સ. એ
સંઘ ચૈત્ય પ્રાસાદ તણો જે અવર્ણવાદ મન લેખ્યો,
દ્રવ્ય દેવકો જે વિણસાડયો વિણસંતાં ઉવેખ્યોરે. પ્રા. સ.
ઇત્યાદિક વિપરીતપણાથી સમકિત ખડયું જેહ,
આ ભવ પરભવ વળી ભવોભવ મિચ્છામિ દુક્કડતેહરે ;
પ્રાણી ચારિત્ર લ્યો ચિત્ત આણી વીર વદે એમ વાણીરે. પ્રા. ચા.
પાંચ સમિતિ ત્રણ ગુપ્તિ વિરાધી આઠે પ્રવચન માય,
સાધુ તણે ધર્મે પ્રમાદે અશુદ્ધ વચન મન કાયરે. પ્રા. ચા.
શ્રાવકને ધર્મે સામાયીક પોસહમાં મન વાળી,
જે જયણા પૂર્વક એ આઠે પ્રવચન સત્ય ન પાળીરે. પ્રા. ચા.
ઇત્યાદિ વિપરીતપણાથી ચારિત્ર ડોહોલ્યું જેહ,
આ ભવ પરભવ વળી ભવોભવ મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા.

બાર ભેદે તપ નવિ કીધું છતે યોગે નિજ શકતે,
ધર્મે મન વચન કાયા વીરજ, નવિ ફોરવીયું ભગતેરે. પ્રા.
તપ વિરજ આચારજ એણીપરે વિવિધ વિરાધ્યા જેહ,
આ ભવ પરભવ વળી ભવોભવ, મિચ્છામિ દુક્કડં તેહરે. પ્રા.
વળીયે વિશેષે ચારિત્ર કેરા અતિચાર આળોઇએ,
વીર જીનેશ્વર વચન સુણીને, પાપ મયળ સવી ધોઇએરે. પ્રા.

ઢાળ બીજી.

(પામી સુગુરૂ પસાય.)

પૃથ્વી પાણી તેઉ વાઉ વનસ્પતિ, એ પાંચે થાવર કહ્યાએ,
કરી કરસણ આરંભ ખેત્ર જે ખેડીયાં, કુવા તળાવ ચણાવીઆએ.
ઘર આરંભ અનેક ટાંકાં ભુઇરાં, મેડી માળ ચણાવીયાએ,
લીંપણ ધુપણ કાજ એણીપરે, પરપરે પૃથ્વી કાય વિરાધીઆએ.
ધોયણ નાહણ પાણી ઝીલણ અપકાય, છોતિધોતિ કરી દુહવ્યાએ,
ભાઠીગર કુંભાર લોહ સોવનગરા, ભાડભુંજા લીહા લાગરાએ.
તાપણ સેકણ કાજ વસ્ત્ર નિખારણ, રંગણ રાધણ રસાઇતિએ,
એણીપરે કર્માદાન પરેપરે કેલવી તેઉ વાઉ વિરાધીયાએ.
વાડી વન આરામવાવી વનસ્પતી, પાન ફળ ફુલ ચુંટીયાંએ,
પહોંક પાપડી શાક શેકવ્યાં સુકવ્યાં, છેદ્યાં અથીઆંએ.
અળશીને એરંડ ઘાણી ઘાલી, ઘણા તિલાદીક પીલીયાએ,
એમ એકેંદ્રીય જીવ હણ્યા હણાવીયા હણતાં જે અનુમોદીયાએ,
આ ભવ પરભવ જેહ વળી ભવોભવે તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
કૃમી સરમીયા કીડાગાડર ગંડોલા એલ પોરા અલશીયાએ,

વાળા જજો ચુડેલ વિચલીત રસ તણાં વળી અથાણું પ્રમુખનાએ.
એમ બેઇંદ્રીય જીવ જે મે દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
ઉદ્દહી જુલીખ માંકણુ મંકોડા ચાચડ કાડી કથુઆએ,
ગદ્દહીઆ ધીમેલ કાન ખજુરડા ગીંગોડા ધનેરીયાંએ,
એમ તેઇંદ્રીય જીવ જે મે દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
માંખી મત્સર ડાંસ મસા પતંગીયા કંસારી કોલિયાવડાએ.
ઢીકણુ વિંછુ તીડ ભમરા ભમરીયા કોતાં બગખડ માંકડીએ,
એમ ચઉઇંદ્રીય જીવ જે મેં દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.
જળમાં નાંખી જાળ જળચર દુહવ્યાં વનમાં મૃગ સંતાપીયાએ,
પીડયા પંખી જીવ પાડી પાસમાં પોપટ ઘાલ્યા પાંજરેએ,
એમ પચેંદ્રિય જીવ જે મે દુહવ્યાં તે મુજ મિચ્છામિ દુક્કડંએ.

ઢાળ ત્રીજી.

(વાણી વાણી હીતકારીજી)

ક્રોધ લોભ ભય હાંસીથીજી બોલ્યા વચન અસત્ય,
કુડ કરી ધન પારકાંજી લીધાં જેહ અદત્તરે.
જીનજી મિચ્છામિ દુક્કડં આજ, તુસ સાખે મહારાજરે.
જીનજી દેઈ સારૂં કાજરે, જીનજી મિચ્છામિ દુક્કડં આજ,
દેવ મનુષ્ય તિર્યંચનાજી મૈથુન સેવ્યાં જેહ,
વિષયા રસ લંપટપણેજી ઘણું વિટંબ્યો દેહરે. જીનજી.
પરિગ્રહની મમતા કરીજી ભવ ભવ મેલી આથ,
જે જીહાંની તે તીહાં રહીજી કોઈ ન આવી સાથરે. જીનજી.
રમણી ભોજણુ જે કર્યાંજી કીધાં ભક્ષ અભક્ષ,

રસના રસની લાલચેજી પાપ કર્યાં પ્રત્યક્ષરે. જીનજી.
વ્રત લેઇ વિસારીયાંજી વળી ભાગ્યા પચ્ચખ્ખાણ,
કપટ હેતુ કીરીયા કરીજી કીધાં આપ વખાણરે. જીનજી.
ત્રણ ઢાળ આઠ દુહેજી આલોયા અતિચાર,
શિવ ગતિ આરાધન તણેજી એ પહેલો અધિકારરે. જીનજી.

ઢાળ ચોથી.

(સાહેલડીજી)

પંચ મહાવ્રત આદરો સાહેલડીરે અથવા લ્યો વ્રત બાર તો,
યથા શક્તિ વ્રત આદરી સા૦ પાળો નિરતિચાર તો.
વ્રત લીધાં સંભાળીએ સા૦ હૈડે ધરીય વિચાર તો,
શિવગતિ આરાધન તણો સા૦ એ બીજો અધિકાર તો,
જીવ સર્વે ખમાવીએ સા૦ યોનિ ચોરાશી લાખ તો,
મન શુધ્ધે કરી ખામણાં સા૦ કોઈ શું રોષ ન રાખ તો.
સર્વ મિત્ર કરી ચિંતવો સા૦ કોઇ ન જાણો શત્રુ તો,
રાગ દ્વેષ એમ પરિહરો સા૦ કીજે જન્મ પવિત્ર તો.
સ્વમિ સંઘ ખમાવીએ સા૦ જે ઉપની અપ્રીતિ તો,
સજ્જન કુંટુબ કરી ખામણાં સા૦ એ જીન સાસન રીત તો.
ખમીએ અને ખમાવીએ સા૦ એહ ધર્મનો સાર તો,
શિવ ગતિ આરાધન તણો સા૦ એ ત્રિજો અધિકાર તો,
મૃષાવાદ હિંસા ચોરી સા૦ ધન મુર્છા મૈથુન તો,
ક્રોધ માન માયા તૃષ્ણા સા૦ પ્રેમ દ્વેષ પૈશુન્ય તો,

નિંદા કલહ ન કીજીએ સા૦ કુડા ન દીજે આળ તો,
રતિ અરતિ મિથ્યા તજો સા૦ માયા મોસ જંજાળ તો.
ત્રિવિધ ત્રિવિધ વોસરાવિએ સા૦ પાપ સ્થાન અઢાર તો,
શિવ ગતિ આરાધન તણો સા૦ એ ચોથો અધિકાર તો.

ઢાળ પાંચમી.

જનમ જરા મરણે કરીએ એ સંસાર અસારતો,
કર્યાં કર્મ સહુ અનુભવેએ, કોઈ ન રાખણહારતો.
શરણ એક અરિહંતનું એ, સરણ સિદ્ધ ભગવતતો,
શરણ ધર્મ શ્રીજૈનનો એ, સાધુ શરણ ચિત્ત ધારતો.
અવર મોહ સવિ પરિહરિએ, ચાર શરણ ચિત્ત ધારતો,
શિવગતિ આરાધન તણોએ, એ પાંચમો અધિકારતો.
આ ભવ પરભવ જે કર્યાંએ, પાપકર્મ કેઇ લાખ તો,
આત્મ સાખે તે નિંદીએએ, પડિકમિએ ગુરૂ શાખતો.
મિથ્યા મતિ વર્તાવિયાએ, જે ભાખ્યા ઉત્સુત્રતો,
કુમતિ કદાગ્રહને વશેએ, વળી ઉથાપ્યા સુત્રતો,
ઘડયાં ઘડાવ્યાં જે ઘણાંએ, ઘરંટી હળ હથીયારતો,
ભવભવ મેલી મુકીયાંએ, કરતાં જીવ સહારતો,
પાપ કરીને પોષીયાએ, જનમ જનમ પરિવારતો.
જન્માંતર પહોંતાં પછીએ, કોઈ ન કીધી સારતો,
આભવ પરભવ જે કર્યાંએ, એમ અધિકરણ અનેકતો.
ત્રિવિધે ત્રિવિધે વોસરાવીએએ, આણી હૃદય વિવેકતો,

દુષ્કૃત નિંદા એમ કરીએ, પાપ કર્યાં પરિહારતો,
શિવગતી આરાધન તણોએ, એ છઠ્ઠો અધિકારતો.

ઢાળ છઠ્ઠી.

(આપે તું જોયને જીવડા.)

ધનધન તે દીન માહરો, જીહાં કીધો ધર્મ,
દાન શિયળ તપ ભાવના, ટાળ્યાં દુષ્કૃત કર્મ. ધન૦
શેત્રુંજાદિક તિર્થની જે કીધી જાત્ર,
જુગતે જીનવર પૂજીઆ, વળી પોખ્યાં પાત્ર. ધન૦
પુસ્તક ज्ञान લખાવીયાં, જીણુહર જીનચૈત્ય,
સંઘ ચતુર્વીધ સાચવ્યા, તે સાતે ખેત્ર, ધન૦
પડિક્રમણાં સુપરે કર્યાં, અનુકંપા દાન,
સાધુસુરી ઉવઝાયને, દીધાં બહુ માન. ધન૦
ધર્મકાજ અનુમોદીએ, એમ વાવંવાર
શિવગતી આરાધન તણોએ, સાતમો અધિકાર, ધન૦
ભાવ ભલો મન આણીએ, ચિત્ત આણી ઠામ,
સમતા ભાવે ભવીએ, એ આતમરામ. ધન૦
સુખ દુઃખ કારણ જીવને, કોઇ અવર ન હોય.
કર્મ આપજે આચર્યાં, ભોગવીએ સોય. ધન૦
સમતા વિણ જે અનુસરે, પ્રાણી પુન્યના કામ.
છાર ઉપર તે લીંપણું. ઝાંખર ચિત્રાકામ. ધન૦
ભાવ ભલી પરે ભાવીએ, એ ધર્મનો સાર,
શિવગતિ આરાધન તણો, એ આઠમો અધિકાર, ધન૦

ઢાળ સાતમી.

(રેવતગિરિ હુઆ, પ્રભુનાં ત્રણ કલ્યાણ,)

હવે અવસર જાણી, કરી સલેખણ સાર, અણસણ આદરીએ.
પચ્ચખી ચારે આહાર, લલુતા સવિ મુકી, છાંડી મમતા અંગ;
એ આતમ ખેલે સમતા જ્ઞાન તરંગ.
ગતિ ચારે કીધા, આહાર અનત નિશંક પણ તૃપ્તી ન પામ્યો
જીવ લાલચીયો રંક.
દૂલહો એવળી વળી, અણસણનો પરિણામ, એહથી પામી જે
શિવપદ સુરપદ ઠામ.
ધન ધન્ના શાલિભદ્ર, ખંધો મેઘ કુમાર–અણસણ આરાધી
પામ્યા ભવનો પાર, શિવમંદિર જાશે કરી એક અવતાર
આરાધન કેરો એ નવમો અધિકાર
દશમે અધિકારે-મહામંત્ર નવકાર–મનથી નવી મુકો શીવસુખ ફલ સહકાર
એ જપતાં જાપે, દુર્મતી દોષ વિકાર સુપરે એ સમરે ચૌદ પૂર્વનો સાર
જનમાંતર જાતાં, જો પામે નવકારતો પાતીક ગામી,
પામે સૂર અવતાર.
એ નવ પદ સરીખો, મંત્ર ન કો સંસાર,
એ ભવને પરભવે, સુખ સંપત્તી દાતાર,
જયું ભીલ ભીલડી, રાજા રાણી થાય,
નવપદ મહિમાથી રાજસિંહ મહારાય,
રાણી રતનવતી બેહુ, પામ્યાં છે સુર ભોગ,

એક ભવ પછી લેશે શિવવધુ સંજોગ,
શ્રીમતીને એ વળી મંત્ર ફળ્યો તત્કાળ,
ફણિધર ફીટીને પ્રગટ થઇ ફુલમાળ,
શિવકુમારે જોગી, સોવનપુરીસો કીધ,
એમ એણે મંત્રે, કાજ ઘણાંના સિદ્ધ,
એ દશ અધિકારરે, વીર જીનેશ્વર ભાખ્યો,
આરાધન કેરો વિધિ, જેણે ચિત્ત ખમાંહી રાખ્યો,
તેણે પાપ પખાલી, ભવ ભય દુરે નાંખ્યો,
જીન વિનય કરંતાં, સુમતિ અમૃતરસ ચાખ્યો.

ઢાળ આઠમી.

(નમો ભવિ ભાવશું.)

સિદ્ધારથ રાય કુળ તિલોએ, ત્રિસલામાત મલારતો,
અવનિતળે તમે અવતર્યા, કરવા અમ ઉપકાર તો,
જયો જીન વીરજી.

મેં અપરાધ કર્યા ઘણાએ કહેતાં ન લહુ પારતો,
તુમ ચરણે આવ્યા ભણીએ, જો તારે તો તારતો,
જયો જીન વીરજી.

આશ ધરીતે આવીયોએ, તુમ ચરણે મહારાજ તો,
આવ્યાને ઉવેખસોએ, તો કેમ રહેશે લાજતો,
જયો જીન વીરજી

કરમ અલુજણુ આકરાંએ, જન્મ મરણુ જંજાળતો,

હું છું એહથી ઉભગોએ, છોડવ દેવ દયાલતો,
જયો જીન વીરજીએ
આજ મનોરથ મુજ ફળ્યાએ, નાઠાં દુઃખ દંદોળતો,
તુઠગો જીન ચોવીસમોએ, પ્રગટયા પુન્ય કલ્લોલતો,
જયો જીન વીરજીએ.
ભવે ભવે વિનય તુમારડોએ, ભાવ ભક્તિ તુમ પાયતો,
દેવ દમા કરી દીજીએ એ, બોધી બીજ સુપસાયતો,
જયો જીન વીરજીએ·

કળશ.

ઇય તરણ તારણ સુગતિ કારણ, દુઃખ નિવારણ જગજયો.
શ્રી વીર જીનવર ચરણ થુણતાં, અધિક મન ઉલટ થયો·
શ્રી વિજય દેવ સૂરીંદ પટધર, તિરથ જંગમ એણી જગે,
તપ ગચ્છ પતિ શ્રી વિજય પ્રભુ સૂરિ, તેજે ઝગમગે,
શ્રી હીર વિજય સૂરી શિષ્ય વાંચક, શ્રી કીર્તિ વિજય સુર ગુરૂ સમો,
તસ શિષ્ય વાચક વિનય વિજયે, થુણ્યો જીન ચોવીસમો,
સય સત્તર સંવત ઓગણત્રીશ, રહી રાંદેર ચોમાસુએ,
વિજય દશમી વિજય કારણ, કીયો ગુણ અભ્યાસએ,
નરભવ આરાધન સિદ્ધિ સાધન, સુકૃત લીલ વિલાસએ,
નિર્જરા હેતે સ્તવન રચિયું, નામે પુન્ય પ્રકાશ એ.

ઈતિ પુન્ય પ્રકાશનું સ્તવન સમાપ્ત.

આરતી.

જય જય આરતી આદિ જિનંદા, નાભી રાયા મારૂ દેવીકો નંદા; પહેલી આરતી પૂજા કીજે, નરભવ પામીને લ્હાવો લીજે. જય ॥ ૧ ॥ દુસરી આરતી દીન દયાળા, ધુળેવ નગરમાં જગ અજવાળ્યા. જય ॥ ૨ ॥ તીસરી આરતી ત્રીભુવન દેવા, સુરનર ઇંદ્ર કરે તોરી સેવા. જય ॥ ૩ ॥ ચોથી આરતી ચૌગતી ચૂરે, મનવંછિત ફળ શીવ સુખ પૂરે. જય ॥ ૪ ॥ પંચમી આરતી પુન્ય ઉપાયા મૂળચંદ રીખવ ગુણ ગાયા જય. ॥ ૫ ॥

મંગળ દીવો.

દીવોરે દીવો મંગલિક દીવો, આરતી ઉતારીને બહુ ચિરંજીવો દી.
સોહામણું ઘેર પર્વ દીવાળી, અમર ખેલે અમરા બાળી દી.
દીપાળ ભણે એણે કુળ અજુઆળી, ભાવે ભગતે નિધન નિવારીદી.
દીપાળ ભણે એણે કળી કાળે, આરતી ઉતારી રાજા કુમારપાળે દી.
અમઘેરમંગલીકતમઘેરમંગલિક, મંગલિકચતુર્વિધસંઘને હોજો
દીવોરે દીવો મંગલિક દીવો.

મૃત્યુ સંબંધી સુતકનો વિચાર.

૧ ઘરનું કોઇ પણ મરણ પામેલુ હોય, તો દિન ૧૨નું સુતક. તેને ઘેર સાધુ આહાર લે નહિ. તેના ઘરના અગ્નિ તથા જળથી જીન પૂજા થાય નહિ.

૨ મૃત્યુવાળા પાસે સુવે તો દિન ત્રણ પૂજા ન કરે.

૩ કાંધીયા દેવ પૂજા પડિક્કમણાદિક ૩ દિન ન કરે. પરંતુ જો નવકારનું ધ્યાન મનમાં કરે, તો તેનો કાંઈ બાધ નથી.

૪ મૃતને અડકયા ન હોય તો સ્નાન કીધે શુદ્ધ થાય.

૫ અન્ય પુરૂષ જો મૃતને અડકયા હોય, તો સોળ પોર પર્યંત પડિક્કમણાદિક ન કરે.

૬ જેને ઘેર જન્મ તથા મર્ણનું સુતક થાય, તેને ઘેર જમનારા દિન ૧૨ સુધી જીન પૂજા કરે નહિ.

૭ વેષના પાલટનારા આઠ પહોર સુતક પાળે.

૮ જન્મે તે દિવસે મૃત્યુ થાય, અથવા દેશાંતર મરણ પામે, અથવા યતિ મરે તો દિન ૧નું સુતક.

૯ આઠ વરસથી નાનું બાળક મરણ પામે, તો દિન ૮ નું સુતક.

૧૦ ગાય પ્રમુખનું મૃત્યુ થાય, તો કલેવર ઘરની બહાર લઈ ગયા પછી દિન ૧ લગે સુતક, અને અન્ય તિર્યં-

ચનું કલેવર પડ્યું હોય, તો તેને ઘરથી બહાર લઇ જાય તીહાં સુધી સુતક. પછી નહિ.

૧૧ દાસી જે આપણે આશરે રહ્યાં હોય, તેનું મૃત્યુ થાય તો દિન ૩ નું સુતક લાગે.

૧૨ જેટલા મહીનાનો ગર્ભ પડે, તેટલા દિવસ સુતક.

૧૩ પરદેશ ગયેલાનું મરણ થયું સાંભળે, તો ૧ તથા ૨ દિવસનું સુતક લાગે.

ગોમુત્રમાં ૨૪ પહોર, ભેંસના મુત્રમાં ૧૬ પહોર, ગાાડર–ગધેડી તથા ઘોડીના મુત્રમાં ૮ પહોર અને નર તથા નારીના મુત્રમાં અંતમુહૂર્તમાં સમુર્ચ્છિમ જીવ ઉપજે.

સૂતક વિચાર પ્રારંભ.

પ્રથમ કોઇને ઘેર જન્મ થાય તે વિષે.

૧ પુત્ર જન્મે ત્યારે દિન ૧૦નું તથા પુત્રી જન્મે દિન ૧૧ અને રાત્રે જન્મે દિન ૧૨નું સુતક.

૨ દિન ૧૨ ઘરના માણુસ દેવ પૂજા કરે નહિ.

૩ જુદા જમતા હોય તો બીજાના ઘરના પાણીથી પૂજા કરે અને સુવાવડ કરનાર તથા કરાવનારને નવકાર ગણવો પણ સૂઝે નહિ.

૪ પ્રસવ વાળી સ્ત્રી માસ ૧ સુધી જીનપ્રતિમાની પૂજા કરે નહિ, અને સાધુને પણ વહોરાવે નહિ.

૫ ઘરના ગોત્રીને દિન ૫નું સુતક જાણવું.

૬ જન્મનું સુતક દિન ૧૦નું.

૭ ગાય, ઘોડા, ઊંટણી, ભેંસ ઘરમાં પ્રસવે તો, દિન ૨ નું અને વનમાં પ્રસવે, તો દિન ૧નું સુતક.

૮ ભેંસ પ્રસવે તો દિન ૧૫ ત. ગાય પ્રસવે તો દિન ૧૦ તથા છાલી બકરી પ્રસવે તો દિન ૮ તથા ઊંટણી પ્રસવે તો દિન ૧૦. પછી દુધ કલ્પે.

૯ દાસ દાસી કે જેનો આપણે આશ્રયે જન્મ થાય તો, આપણી નજર આગળજ રહ્યાં હોય, તો ૨૮ પહોરનું સુતક જાણવું.

રૂતુવંતિ સ્ત્રી સંબંધી સુતક નિર્ણય.

દિન ૩ સુધી ભાંડાદિકને જુવે નહિ. દિન ૪ લગી પડિક્કમણાદીક કરે નહિ. પણ તપસ્યા કરે, તે લેખે લાગે. દિન ૫ પછી જીન પૂજા કરે. રોગાદિક કારણે ૩ દિવસ વિત્યા ગછી પણ જો રૂધીર દીઠામાં આવે, તો તેનો દોષ નથી. વિવેકે કરી પવિત્ર થયા પથી જીન પ્રતિમાદીક જીન દર્શન અગ્રપૂજાદિક કરે, તથા સાધુને પડી લાભે પણ જીન પ્રતિમાની અંગ પૂજા ન કરે, એમ ચર્ચારી ગ્રંથમાં કહ્યું છે.

કાળની સમજ.

કારતક સુદ ૧૫ થી ફાગણ સુદ ૧૫ સુધી.

પાણીનો કાળ પ્રહર ૪ (કલાક ૧૨).

મીઠાઈનો કાળ માસ ૧.

કામલીનો કાલ ઘડી ૪. સાંજે સૂર્યાસ્ત થયા પહેલા ઘડી ચારથી સવારના સૂર્ય ઉદય થયા પછી ઘડી ૪ સુધી.

ફાગણ સુદ ૧૫ થી અષાડ સુદ ૧૫ સુધી.

પાણીનો કાળ પ્રહર ૫ (કલાક ૧૫).

મીઠાઈનો દિન ૨૦.

સાંજરે સૂર્ય અસ્ત થયા પહેલાં ઘડી ૨ થી તે સવારના સૂર્ય ઉદય થયા પછી ઘડી ૨ સુધી કામળીનો કાળ.

અષાડ સુદ ૧૫ થી તે કારતક સુદ ૧૫ સુધી.

પાણીનો કાળ પ્રહર ૩. (કલાક ૯).

મીઠાઈનો દિન ૧૫.

કામળીનો કાળ.

સાંજના સૂર્ય અસ્ત થયા પહેલાં ઘડી ૬ થી તે સવારના સુર્ય ઉદય થયા પછી ઘડી ૬ સુધી.

ત.ક. પાણીનો કાળ. ચુલેથી ઉતારો ત્યાંથી ગણાય.

ચુનાનો પાણીનો કાળ. પાણીમાં ચુનો નાંખો, ત્યાર પછી પ્રહર ૨૪ (કલાક ૭૨) સુધી ચાલે.

નિતીવચનો.

——:○:——

૧. લીંબડાને સારી રીતે સીંચવામાં આવે તો પ તે કેરી આપતો નથી. વંધ્યા ગાયને શેરડી, ઘી તેલ િ ગેરેનો ખોરાક આપવામાં આવે છતાં તે દુધ આપતી નથી. દરિદ્ર રાજાની સેવા કરવામાં આવે છતાં તે ધન આ-પી શકતો નથી. તેમ કુગુરૂની સેવા ભક્તિ કર્યાથી તે ધર્મ કે આત્મ કલ્યાણનો માર્ગ બતાવી શકતા નથી.

૨. વિષયોના ઉપભોગથી વિષયની, કામની શાંતિ થતી નથી, પરંતુ અગ્નિમાં જેમ ઘી નાખવાથી વધારે પ્રદીપ્ત થાય તેમ તે વધારે જાગૃત થાય છે.

૪. જે વચન પ્રિય હોય, હિતકારી અને સત્ય હોય તેજ સત્ય વચન કહેવાય. પરંતુ અપ્રિય, ને અહિતકારી એવું વચન સત્ય હોય તોપણ તે અસત્ય ગણાય છે.